# ભગવાન બ્રહ્માજી

બ્રહ્માજી જગતના રચયિતા અને ત્રણ મુખ્ય દેવો માના એક માનવામાં આવે છે. તથા બ્રહ્માજીને સૃષ્ટિના સર્જનહાર તરીકે ઓળખવામાં આવે છે.

રહેઠાણ : સત્યલોક, બ્રહ્મલોક

અન્ય નામ : સ્વયંભૂ, પ્રજાપતિ, ત્રિદેવ

શસ્ત્ર : બ્રહ્માસ્ત્ર

વાહન : હંસ

ઉત્સવ : કાર્તિક પૂર્ણિમા

મંત્ર : ॐ *वेदात्मनाय विद्महे हिरण्यगर्भाय धीमही तन्नो ब्रह्मो प्रचोदयात् ॥*

જન્મ : ભગવાન વિષ્ણુજીની નાભિમાંથી ઉત્પન્ન થયેલા કમળ માંથી થયેલ છે.

પુત્રી : સરસ્વતી

જીવનસાથી : બ્રહ્માણી

## ➢ બ્રહ્માજીના શરીરની રચના :



બ્રહ્માજીનું શરીર એ તેમની બૌદ્ધિક શક્તિ, જ્ઞાન અને આદરનું પ્રતીક છે. હિંદુ પુરાણો અને ગ્રંથોમાં બ્રહ્માજીના શરીર અને તેમના વૈદિક મહત્વ વિશે વર્ણન કરવામાં આવ્યું છે.

(૧) ચાર મસ્તક : બ્રહ્માજીના ચાર મસ્તક છે. જે બ્રહ્માજીના દિવ્ય અને બૌદ્ધિક શક્તિના પ્રતીક છે.

♦ **દિશાઓનું પ્રતીક :** બ્રહ્માજીના ચારેય મસ્તક ચાર દિશાઓ (ઉત્તર, દક્ષિણ, પૂર્વ, અને પશ્ચિમ) તરફ હોય છે. જે બ્રહ્માજી દ્વારા દરેક દિશામાં વિદ્યા અને જ્ઞાનના પ્રવાહનો સંકેત આપે છે.

♦ **ચારે વેદોનું પ્રતીક :** દરેક મસ્તક એક વેદ નું પ્રતીક છે. એટલે કે દરેક મસ્તક ધર્મ, જ્ઞાન અને સૃષ્ટિ માટે જ્ઞાનના સ્ત્રોત તરીકે કાર્ય કરે છે.

**(૨) ચાર હાથ :** બ્રહ્માજીના ચાર હાથ છે. દરેક હાથમાં અલગ - અલગ વસ્તુઓનો પ્રતિસાદ છે.

♦ **કમંડળ** : જે પવિત્રતા, હકારાત્મકતા અને શક્તિનું પ્રતીક છે.

♦ **અક્ષમાળા** : જે યોગ, ધ્યાન અને આધ્યાત્મિક શિક્ષણનું પ્રતીક છે.

♦ **વેદ** : જે વિશ્વના ઐતિહાસિક જ્ઞાનનું પ્રતીક છે.

♦ **કમળનું ફૂલ :** જે સર્જન અને સુંદરતાનું પ્રતીક છે.



**(૩) શરીરનો રંગ :** બ્રહ્માજીના શરીરનો રંગ સામાન્ય રીતે લાલ છે, જે ઉર્જા અને પ્રેમનું પ્રતીક છે.

**(૪) હંસ (વાહન):** બ્રહ્માજી માટે હંસ એ ખૂબ જ મહત્વ પૂર્ણ પ્રતીક છે. હંસ પવિત્રતા, વિવેક અને આધ્યાત્મિકતા ના પ્રતીક તરીકે માનવામાં આવે છે. બ્રહ્માજી હંસ પર બિરાજમાન હોય છે.

બ્રહ્માજી, વિષ્ણુજી અને શિવજી આ ત્રણ દેવોનું એકબીજા ના એકીકરણથી બ્રહ્માંડના નિયમો અને જ્ઞાનનો અભિપ્રાય આપવામાં આવે છે. બ્રહ્માજી સૃષ્ટીના સર્જક છે, વિષ્ણુજી સૃષ્ટિનું રક્ષણ કરે છે અને શિવજી સૃષ્ટિ પરના પાપના નાશ અને પુનર્જન્મ તરફ દોરી જાય છે.

## ➢ બ્રહ્માજી દ્વારા કરાયેલ રચના :

બ્રહ્માજીએ હિંદુ ધર્મના ત્રિમૂર્તિનો એક ભાગ છે, જેમણે સમગ્ર બ્રહ્માંડની રચના કરી. તેમણે વિશ્વમાં જીવનની શરૂઆત અને વિશ્વના નિયમો બનાવવાનું કામ અપાયું છે.



(૧) **સૃષ્ટિના ચાર ઘટક :** બ્રહ્માજી દ્વારા બ્રહ્માંડની રચના માટે સૃષ્ટિના ચાર મુખ્ય ઘટકો પૃથ્વી, વાયુ, અગ્નિ અને પાણીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૨) **પ્રથમ માનવ સર્જન :** બ્રહ્માજી દ્વારા માનવ જાતિની રચના મહત્વપૂર્ણ છે. બ્રહ્માજીએ મનુ અને સતરૂપા ના સર્જન દ્વારા માનવજાતિ ની શરૂઆત કરી. મનુ એ માનવજાતિના પિતાની જેમ ગણાય છે.

(૩) **ચારેય વેદોની રચના:** બ્રહ્માજી એ ચારેય વેદો (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ) ની રચના કરી. આ ચારેય વેદો બ્રહ્માજીના જ્ઞાન અને શક્તિનું પ્રતીક છે. દરેક વેદના મુખ્ય ચાર અંગો છે : અનુશાસન, વિધિ, ઉપાસના, પુરાણ.

## ➢ બ્રહ્માજી દ્વારા બનાવેલ સૃષ્ટિના નિયમો :

બ્રહ્માજીએ આ સંસારમાં ચાલતા નિયમો અને ધર્મની રચના કરી, અને એ પ્રમાણે જ વિશ્વ ચાલે છે. બ્રહ્માજીએ પવિત્રતા, શ્રદ્ધા અને કર્મના સિદ્ધાંતોની રચના કરી જેથી આ દુનિયામાં શાંતિ અને સુખ પ્રાપ્ત થાય.

## ➢ બ્રહ્માજી દ્વારા બ્રહ્માંડનું પુનઃ સર્જન :

હિન્દુ ધર્મ અનુસાર બ્રહ્માજીએ બ્રહ્માંડની સૃષ્ટિ અને પ્રલય વચ્ચેની બધી પ્રક્રિયાઓનું નિયંત્રણ કરે છે. જ્યારે બ્રહ્માંડનો અંત આવે છે ત્યારે બધુ નાશ થાય છે અને ત્યારબાદ બ્રહ્માજી એક નવા ચક્રની શરૂઆત કરે છે.

## ➢ હિન્દુ ધર્મ અનુસાર ભગવાન વિષ્ણુજી અને બ્રહ્માજીની કથા પ્રાચીન અને રસપ્રદ છે.

એકવાર ભગવાન વિષ્ણુજી અને બ્રહ્માજી વચ્ચે “સર્વશ્રેષ્ઠ કોણ છે ?” તે અંગેનો વિચાર થયો. ત્યારે તેના ઉકેલ માટે બંનેએ ભગવાન શિવજીનો આશ્રય લીધો. ત્યારે ભગવાન શંકરે તેમની અનંત શક્તિઓ પ્રગટ

કરતો અનંત જ્યોતિસ્તંભ (પ્રકાશ સ્વરૂપ) પ્રગટ કર્યો. આ જ્યોતિ અનંત હતી, તેનો અંત કે આરંભ ન હતો. ત્યારે ભગવાન શિવજીએ, બ્રહ્માજી અને વિષ્ણુજીને આ જ્યોતિસ્તંભ નો મૂળ અને અંત શોધી લાવવા માટે કહ્યું.

ત્યારબાદ બ્રહ્માજી ઉપરની તરફ (જ્યોતિના શિખર સુધી) જવા લાગ્યા. અને વિષ્ણુજી નીચેની તરફ (જ્યોતિના મૂળ સુધી) જવા લાગ્યા. ઘણા સમય સુધી યાત્રા કર્યા બાદ પણ બંને આ જ્યોતિના અંત સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યા. ભગવાન વિષ્ણુજી સમજી ગયા કે આ જ્યોતિ (પ્રકાશ) ભગવાન શિવનું સ્વરૂપ છે. અને ભગવાન વિષ્ણુએ પોતાની હાર માની લીધી. પરંતુ બ્રહ્માજી એ તેમના અહંકારના કારણે ખોટું કહ્યું કે તેમણે જ્યોતિનું શિખર શોધી કાઢ્યું છે. અને બ્રહ્માજી ખોટું બોલ્યા છે તેવું ભગવાન શિવ જાણી ગયા અને બ્રહ્માજીને શ્રાપ આપ્યો કે તેમની પૂજા જગતમાં નહીં થાય. અને ભગવાન વિષ્ણુજી સત્ય બોલ્યા હતા તેથી તેમને ભગવાન શિવજીએ સર્વશ્રેષ્ઠ ગણાવ્યા.

## ➤ કથાનો સંદેશ :

(૧) અહંકારનો ત્યાગ : અહંકાર માણસના વિનાશનું કારણ બને છે.

(૨) સત્યનું મહત્વ : ભગવાન હંમેશા સત્ય અને વિનમ્રતાની સાથે હોય છે.

(૩) ભક્તિ અને સમર્પણ : ભગવાનના શરણમાં જનાર ભક્ત હંમેશા તેમના આશીર્વાદ પ્રાપ્ત કરે છે.

## ➤ ભગવાન બ્રહ્માજીનું મંદિર અને ઈતિહાસ :

ભગવાન બ્રહ્માજીનું મુખ્ય મંદિર રાજસ્થાનના પુષ્કર નગરીમાં સ્થિત છે. જે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ મંદિર ભગવાન બ્રહ્માજીને સમર્પિત વિશેષ સ્થળ છે, કારણ કે ભગવાન બ્રહ્માજીના મંદિર વિશ્વમાં બહુ ઓછા છે.



કથાઓ મુજબ, જ્યારે બ્રહ્માજી દ્વારા પુષ્કર તળાવમાં યજ્ઞ કરવામાં આવ્યો હતો, ત્યારે તેમણે કમળનું ફૂલ પૃથ્વી પર ફેંક્યું. જે જગ્યાએ આ ફૂલ પડ્યું ત્યાં આ પવિત્ર સ્થાન બની ગયું અને ત્યારથી આ જગ્યાને પુષ્કર તરીકે ઓળખવામાં આવ્યું.

એવી જ રીતે સમગ્ર ગુજરાતમાં જોઈએ તો માત્ર ખેડબ્રહ્મા માં બ્રહ્માજીનું મંદિર આવેલ છે.

ખેડબ્રહ્મા પૌરાણિક નગર છે અને તેનું અસ્તિત્વ આજે પણ આ ભૂમિમાંથી મળી આવે છે.બ્રહ્માજીએ આ પવિત્ર ભૂમિને સોનાના હળથી ખેડી હતી એટલે બ્રહ્માની ખેડ કહેવાઈ અને બ્રહ્માજીની ખેડ એટલે જ ખેડબ્રહ્મા... ખેડબ્રહ્માના બ્રહ્માજીના મંદિર પાસે એક વાવ આવેલી છે જેને બ્રહ્મ વાપી તીર્થ અને ગોત્ર તીર્થ પણ કહે છે. ઈતિહાસકારો માને છે કે બ્રહ્માજીની પ્રતિમા આ વાવમાંથી મળી આવી હતી.

